

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી જ્ઞાતા દૃષ્ટાપણું (ભેદજ્ઞાન) સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

પ્રશ્ન :- રાગ જ્ઞેય છે, કે દુઃખરૂપ છે?

ઉત્તર :- અહીં (સ્વભાવમાં) આવ્યો તો રાગ જ્ઞાનમાં જ્ઞેયરૂપ જાણવામાં આવે છે, અને વેદનમાં દુઃખરૂપ લાગે છે. (એક જ સમયમાં જ્ઞાનમાં 'જાણવારૂપ' અને 'વેદવારૂપ' બે પ્રકારના ધર્મ પ્રગટ છે. 'જાણવારૂપ ધર્મ' રાગને માત્ર જ્ઞેયરૂપ જાણીને જ્ઞાતાભાવથી વર્તે છે. - 'વેદનરૂપ ધર્મ' વેદન કરે છે, ત્યારે જ્ઞાતાભાવ હોવાથી રાગની આકુળતાનું વેદન દુઃખરૂપ લાગે છે. આવી રીતે જ્ઞાનના બન્ને ધર્મ એક સાથે વર્તે છે, આજ અનેકાંત છે.) (૩૩૨)

***

પ્રશ્ન :- ઉપયોગ સ્વસન્મુખ થાય છે ત્યારે જે (પરથી) ભિન્નતા ભાસે છે એવી (ભિન્નતા) વિકલ્પના કાળમાં ભાસે છે?

ઉત્તર :- વિકલ્પના કાળમાં પણ પ્રત્યક્ષ ભિન્નતાનો અનુભવ છે. વળી ઉપયોગને મુખ્ય શા માટે કરો છો? 'હું તો ધ્રુવતત્ત્વ છું' તેની મુખ્યતા કરવી જોઈએ. શ્રદ્ધા-જ્ઞાન વિકલ્પના કાળમાં (ધારણાની જેમ) ખાલી પડેલા નથી, પરંતુ પરિણમનરૂપ છે. (૪૫૯)

***

(રાગને) જ્ઞાનનું જ્ઞેય... જ્ઞાનનું જ્ઞેય કહે છે, અને લક્ષ રાગ તરફ છે તો તે સાચું જ્ઞાનનું જ્ઞેય છે જ નહિ. (યથાર્થતામાં તો) જ્ઞાનનું જ્ઞેય તો અંદરમાં સહજરૂપ થઈ જાય છે.

લક્ષ બહાર પડ્યું હોય અને 'જ્ઞાનનું જ્ઞેય' છે એમ બોલે તો મને તો ખટકે છે. એ રીતે 'યોગ્યતા', 'ક્રમબદ્ધ' વગેરે બધામાં લક્ષ બહાર પડ્યું હોય અને કહે, તે તો મને ખટકે છે. (૫૭૯)

***

'સારા જગત જ્ઞાનનું જ્ઞેય છે,' 'અનુકૂળતા-પ્રતિકૂળતા કાંઈ નથી.' - આ અભિપ્રાયમાં દૃષ્ટિ અભેદ હોવી જોઈએ. દૃષ્ટિમાં મચક નહિ આવવી જોઈએ. અભિપ્રાયમાં પરથી લાભ-નુકસાનની માન્યતા કેમ? અભિપ્રાયમાં ઈચ્છા અથવા દીનતા નહિ હોવાં જોઈએ. (અભિપ્રાય અને દૃષ્ટિ સાથે વર્તે છે અને તદનુસાર જ પરિણમનનું સંચરણ/વિકાસ થાય છે, એવો સિદ્ધાંત છે.) (૫૯૩)

***

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૮ : અંક–૨૯૫, વર્ષ–૨૪, જુલાઈ–૨૦૨૨

**અષાઢ વદ ૧૪, રવિવાર, તા.૧૭–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૯૧, પ્રવચન–૩૭**

ભગવાનઆત્મા અનંત ગુણસંપન્ન પ્રભુ, એ શરીર અને કર્મ અને સંયોગી વિકારીભાવથી ભિન્ન છે. અત્યારે છે. છે તેને એવો જોવાથી શુદ્ધ દેખાય છે. આહાહા..! એ તો રાગ, વિકલ્પ અને નિમિત્ત ઉપરનું અસ્તિત્વ અનાદિથી જોવે છે. આ.. આ.. આ.. અંશબુદ્ધિમાં બુદ્ધિ લંબાય તો એની (બુદ્ધિ) રાગ અને સંયોગમાં જાય છે. તેનો સ્વીકાર છે. આ ભગવાનઆત્મા... સમજાણું કાંઈ? એક સેકંડના અસંખ્યમાં ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ, તેને શુદ્ધ છે તેમ દેખાય છે.

**'જેમ માટી સહિત પાણીને જ્યારે પાણીના સ્વભાવની અપેક્ષાએ જોવામાં આવે તો પાણી શુદ્ધ જ દેખાય છે.'** પાણી મેલું છે? મેલું તત્ત્વ તો માટીને લઈને માટીનો ભાગ છે. સમજાણું કાંઈ? પાણીનો ભાગ નથી.

મુમુક્ષુ : માટી મેલી છે?

ઉત્તર : માટી જ મેલી છે, પાણી ક્યાં મેલું છે? એ મેલાં પરિણામ છે એ માટીનાં છે, પાણીના નહિ. તેમ **'ભેદવિજ્ઞાનની શક્તિથી પોતાના આત્માને કર્મોથી ભિન્ન અને કર્મોદયજનિત ભાવોથી ભિન્ન...'** લ્યો, એ આસ્રવ આવ્યો. શુભ અને અશુભભાવ હોવા છતાં તેનાથી દૃષ્ટિ ઉઠાવી પોતાના સ્વભાવ તરફ જોવે તો આત્માને કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલા ભાવ (તે) ભિન્ન છે, ભિન્ન જ છે. સમજાણું કાંઈ?

આ રાગાદિને જોવાથી તેને એક દેખાય છે. એ તો પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ, વ્યવહારબુદ્ધિ મિથ્યાબુદ્ધિ થઈ. આ વિકલ્પ ને આ કર્મ ને આ શરીર, એ વર્તમાન પૂરતી બુદ્ધિ થઈ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એ રાગ, નિમિત્ત, કર્મજન્ય ઉપાધિભાવ છે તો તેનો અપરાધ. એ અપરાધ ત્રિકાળ સ્વભાવથી વિરુદ્ધ છે. વિરુદ્ધ છે તો ખરેખર તેનો સ્વભાવ નથી, હેય છે. તો એને જ્યારે હેય કહ્યું તો ઉપાદેય શું રહ્યું? સમજાણું કાંઈ? શુદ્ધ દ્રવ્ય સ્વભાવ જ્ઞાયકભાવ ઉપાદેય રહ્યો. ન્યાયથી, સાધારણ સ્થિતિથી જોવે તો આ રહ્યો. કર્મ, શરીર એ તો જ્ઞેય પરદ્રવ્યમાં ગયા. વિકાર દુઃખરૂપ છે. છે તેની અવસ્થા પણ તે દુઃખરૂપ છે તે કારણે હેય છે. જ્યારે તે હેય નામ લક્ષ કરવા લાયક નથી, આશ્રય કરવા લાયક નથી તો રહ્યો આત્મા. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદનો પિંડ છે. આ હેય થયું, તેની દુઃખની અવસ્થા હોવા છતાં તે આસ્રવતત્ત્વમાં જાય છે. આહાહા..! તેનાથી ભિન્ન જોવાથી અર્થાત્ વસ્તુનો સ્વભાવ જોવાથી, પાણીનો સ્વભાવ જોવાથી પાણી શુદ્ધ છે. હેં? આહાહા..! મોટી વાત કરે પણ મૂળ એનો પત્તો ન લે. સમજાણું કાંઈ?

કહે છે કે, પાણી સ્વભાવની અપેક્ષાએ તો નિર્મળ

છે. **'ભેદવિજ્ઞાનની શક્તિથી પોતાના આત્માને કર્મોથી ભિન્ન અને કર્મોદયજનિત ભાવોથી ભિન્ન સહજ જ્ઞાન, દર્શન, સુખ, વીર્યનો સાગર નિરંજન પરમાત્મા દેવ જ દેખવો જોઈએ. '** પોતાને જોવો જોઈએ, તો પોતાનું સ્વરૂપ તો જ્ઞાન, દર્શન, આનંદ, વીર્યનો તો પિંડ છે. સમજાણું કાંઈ? જોવે તો છે, જોવાની નજર તો છે, પણ જોવાની નજર રાગ, વિકારને જોવે છે. એક ક્ષણિક વિકૃત અવસ્થા જે સ્વભાવથી વિપરીત છે તેને જોવે છે. તે જ દૃષ્ટિમાં તેનાથી ભિન્ન મારી ચીજ છે એમ જોવાથી ભગવાન શુદ્ધ જ દેખાય છે. સમજાણું કાંઈ? **'સમ્યગ્દૃષ્ટિને આવું જ શ્રદ્ધાન હોય છે.'** લ્યો! સમ્યગ્દૃષ્ટિને આવું જ શ્રદ્ધાન હોય છે. સમજાણું કાંઈ? હેં? શું કહે છે?



મુમુક્ષુ : સાંભળતા સાંભળતા વધારે સમજાય છે.

ઉત્તર : એટલે સાંભળવાથી, એમ? એટલે વજન સાંભળવામાં આપે છે. ભઈ, અમારે પંડિતજીને પૂછવું પડે ને શું કહે છે આ? આહાહા..!

ભગવાન ક્યાં અજાણ્યો છે? એ ક્યાં જ્ઞાનસ્વભાવ વિનાનો છે? કે એને બીજા દ્વારા જાણવામાં આવે? આહાહા..! ચૈતન્યનો પિંડ પ્રભુ, ચિત્પિંડ. ચિત્પિંડ આવ્યું છે ને? એને દર્શનના અર્થમાં લીધું છે. પિંડ છે એટલે 'જયચંદ્રજી' પંડિતે પિંડ નામ દર્શનના અર્થમાં લીધું. સામાન્ય છે ને? અને પ્રકાશના અર્થમાં જ્ઞાન લીધું છે. ચાર બોલ લીધા છે. સુપ્રભાત.. સુપ્રભાત. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ, એમ લીધું છે. એક કળશની અંદર ચિત્પિંડ લીધું છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા..! પોતાનું સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ શુદ્ધ જોવે છે. અશુદ્ધ જોવે એ પોતાનું સ્વરૂપ છે? એ પોતાના સ્વરૂપમાં નથી એવું જ્ઞાન કરે છે. એનો અર્થ આવી ગયો છે, ભાઈ! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. એ શૈલીએ વાત કરી છે શાસ્ત્રમાં. પોતાનો સ્વભાવ શુદ્ધ છે, પવિત્ર છે, રાગથી ભિન્ન છે એવું સ્વરૂપ છે. એમ જોયું. બાકી રાગ રહી ગયો, પણ એ રાગ ભિન્ન રહી ગયો, પોતાના સ્વરૂપમાં ન આવ્યો, પરજ્ઞેયમાં ગયો તો વ્યવહાર જાણેલો (પ્રયોજનવાન છે). નિશ્ચય થયો તો રાગ છે તે જાણેલો પ્રયોજનવાન છે, બસ! એટલી વાત છે. છે, એટલું જ્ઞાન કરવા લાયક છે. સમજાણું કાંઈ?

આ તો સમ્યગ્દર્શનથી માંડીને પહેલેથી વાત છે. પહેલેથી ન હોય તો રાગથી ભિન્ન સ્વરૂપ છે, વિકલ્પથી ભિન્ન સ્વરૂપ છે, એવા સ્વરૂપનું ભાન થયું તો વિકલ્પ પોતાના સ્વરૂપમાં નથી એમ (ભાન) થયું. પણ છે તો ખરો. સમજાણું કાંઈ? સ્વરૂપ શુદ્ધ પરમાત્મા નિજાનંદ પ્રભુની દૃષ્ટિમાં વસ્તુ શુદ્ધ છે, પર્યાયમાં પણ તે વિકાર આવતો નથી, એક થતો નથી. પર્યાયમાં પણ, દ્રવ્યમાં પણ. દ્રવ્યમાં તો રાગનું એકત્વ થતું નથી, કેમકે તેમાં નથી, પણ દૃષ્ટિમાં પણ રાગનું એકત્વ થતું નથી. ભાઈ! કેમકે દૃષ્ટિ શુદ્ધ નિર્મળ પર્યાય સંવર, નિર્જરારૂપ છે. એ સંવર, નિર્જરારૂપ પર્યાયમાં આસ્રવ પર્યાય કદી હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'આ શ્રદ્ધાન અને જ્ઞાનના બળથી સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આત્મામાં સ્થિર થવાનો પુરુષાર્થ કરે છે.'** લ્યો! એ શ્રદ્ધાના બળથી હું શુદ્ધ છું, પૂર્ણ છું, એવું પ્રતીતિમાં, જ્ઞાનમાં—ભાસમાં આવ્યું છે તો પુરુષાર્થ કરીને સ્થિર થવાનો પ્રયત્ન કરે છે. બસ! એ સ્થિર થવું એ મોક્ષનો માર્ગ અને સંવર, નિર્જરા છે, બાકી બધી વાતું

(છે). આટલા અપવાસ કર્યા માટે નિર્જરા થઈ ગઈ. 'વલ્લભદાસભાઈ'! આ વર્ષીતપ કર્યા (માટે) નિર્જરા થઈ ગઈ. એનો એટલો કાળ ગયો, સાંભળને હવે, નિર્જરા ક્યાંથી આવી? એ.. 'નવરંગભાઈ'! આહાહા..! ભગવાનઆત્મા પોતાના આસ્રવ અને કર્મથી ભિન્ન, પોતાના સ્વરૂપને જેવું તત્ત્વ છે તેવું જોવાથી રાગાદિ રહ્યા તે પૃથક્—ભિન્ન રહી ગયા. તો જ્ઞાનીને દ્રવ્યમાં બંધ નથી, દ્રવ્ય બંધસ્વરૂપ નથી, અબંધસ્વરૂપની દૃષ્ટિ થઈ તો દૃષ્ટિમાં પણ બંધ નથી. દૃષ્ટિવાનને બંધ છે જ નહિ. દૃષ્ટિવાનને બંધ જ નથી, એમ કહે છે. બંધ બંધભાગમાં ગયો, અબંધ દ્રવ્યના અબંધ પરિણામમાં એ બંધભાવ આવ્યો નહિ, આવતો નથી. સમજાણું કાંઈ?

**'જ્યારે સ્વાનુભવ અથવા આત્મામાં સ્થિરતા પ્રાપ્ત કરે છે ત્યારે પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા ઘણી થાય છે.'** દૃષ્ટિનો અનુભવ, ભાન હોવા છતાં સ્વરૂપમાં નિર્વિકલ્પપણે અનુભવ થાય તો ઘણી નિર્જરા થાય છે. સમજાણું કાંઈ? આ લોકો કહે છે ને, ભઈ! શાસ્ત્રનો સ્વાધ્યાય કરવાથી નિર્જરા થાય છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. પરદ્રવ્યના લક્ષમાં નિર્જરા ક્યાંથી આવી? આહાહા..! 'અમૃતચંદ્રાચાર્યદેવે' પણ કહ્યું, આવ્યું ને? પર પરિણતિ. પંડિતજી! અમારી વિશુદ્ધિ થાઓ, આ ટીકા કરતાં વિશુદ્ધિ થાઓ, એવો પાઠ છે, લ્યો! એનો અર્થ સમજવો જોઈએ ને. નિર્જરા તો પોતાના સ્વરૂપની સ્થિરતામાં જ થાય છે. પણ ટીકાના કાળમાં મારો વિકલ્પ તો છે, પણ તેનાથી ભિન્ન મારું ઘોલન છે, એ ઘોલનથી મારી નિર્જરા થાય છે.

મુમુક્ષુ : આત્માની સમીપતા થશે.

ઉત્તર : આત્માની સમીપતા અને આત્મામાં રહેવાથી થાય છે. રાગમાં રહેવાથી થાય છે? અરે..! ભગવાન! બન્ને માર્ગ જ ભિન્ન છે. એક આસ્રવમાર્ગ, એક સંવરમાર્ગ કે નિર્જરામાર્ગ. નિર્જરામાર્ગ તો પોતાના સ્વના આશ્રયમાં નિર્જરામાર્ગ શરૂ થાય છે. સમજાણું કાંઈ?

કહે છે, **'ગુણસ્થાનોની રીત પ્રમાણે બંધ નિયમિત પ્રકૃતિઓનો થાય છે,... '** થોડો બંધ, એ બંધ બંધભાગમાં રહ્યો. લાંબો વિસ્તાર કર્યો છે, ઠીક, કંઈ નહિ. નીચે ત્રીજો પેરેગ્રાફ. **'આત્મામાં સ્થિરતા થવાનું કામ...'** આ બાજુ. **'આત્મામાં સ્થિરતા થવાનું કામ ચોથા ગુણસ્થાનથી શરૂ થઈ જાય છે.'** પાછળ લખ્યું છે, ત્યાં સ્વરૂપાચરણ ચારિત્ર છે. પંડિતજી! એમ છે, પ્રભુ! સાંભળ તો ખરો! આત્મા શુદ્ધ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ તો તેમાં અંશે સ્થિરતા પણ થઈ, તો મિથ્યાત્વ ગયું, અનંતાનુબંધી ગયું. મિથ્યાત્વ જવાથી સમ્યક્ત્વ થયું, અનંતાનુબંધી (ગયું તો) સ્વરૂપમાં અંશરૂપ સ્થિરતા (થઈ). પછી જે શબ્દ કહેવો હોય તે કહીએ, લે! સ્વરૂપાચરણ નથી, સ્વરૂપાચરણ નથી. રાડેરાડ પાડે છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, ભાઈ! હેં?

કજિયાળો છોકરો રાડ પાડે છે, એમ કહે છે. કજિયાળો છોકરો હોય છે ને? તોફાની. આ તરબૂચ હોય છે ને? તરબૂચ, શું કહે છે? એનો બાપ તરબૂચ લાવે ને? તરબૂચ, શું કહે છે? લાલ. પછી કોઈ લાંબી ચીર હોય, કોઈ નીચે પહોળી હોય. નીચે પહોળી હોય તો આટલી ટૂંકી હોય, લાંબી હોય તો આવી હોય. એના બાપને પહેલેથી ખબર હોય કે, આ કજિયાળો છે. (એટલે કહે), પહેલા જ પસંદ કરી લે. જો, આ દસ (ચીર) પડી છે. આ ત્રણ દીકરી છે ને પાંચ છોકરા છે ને આ તારી મા ને આ તારો બાપ. આ દસ ચીર છે, જો! પછી તું કહીશ, અરે.. બાપુ! પેલાને પહોળી છે. પણ એને પહોળી હેઠે છે, પણ ઊંચે લાંબી નથી. તારે નીચે ટૂંકી છે પણ લાંબી છે. બેય સરખું છે. કજિયાળા તો આવા કજિયા કર્યા જ કરે છે. એમ ધર્મને નામે ઓછા, અધિક, વિપરીત કરીને કજિયા કર્યા જ કરે છે. બાપુ! આ તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ, ભાઈ! એની દુકાનના મુનિમ પણ જુદી જાતના હોય. સમજાય છે? ઘાંચી જેવાને મહિને દસ રૂપિયા પગાર આપે (એને) અબજોપતિની દુકાને મુનિમ (તરીકે) બેસાડે એ કરે શું? ઘાણી સૂઝે. પૈસા બધા પીલી નાખે. બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર પ્રભુ આત્મા છે, ભાઈ! ત્રણકાળ ત્રણલોકના જાણનારા પરમાત્મા, ધર્મનું મૂળ સર્વજ્ઞ પરમેશ્વર છે, જેણે એક સમયમાં અનંતા ગુણો, અનંતી પર્યાય ત્રણકાળ હસ્તામલાની જેમ જોયા.

એવા પરમેશ્વરના માર્ગમાં બહુ જવાબદારીથી કામ લેવું જોઈએ. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે, ભાઈ! એ સ્વરૂપાચરણ ચારિત્ર ચોથે હોય છે. ભાઈ! તારાથી ના ન પડાય. જ્યારે તું રાગમાં એકત્વ હતો અને રાગથી પૃથક્ થયો... એકત્વ-વિભક્ત, પંડિતજી! આવ્યું ને? પંડિતજીએ પરમ દિ' કહ્યું હતું ને? '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण**' આ પાંચમી ગાથામાં કહ્યું. '**तं एयत्तविहत्तं**' તેં કદી સાંભળ્યું નથી. પરથી પૃથક્. ભગવાન રાગથી પૃથક થયો અને સ્વભાવથી એકત્વ થયું તો રાગથી પૃથક થયો એમાં કોઈ સ્થિરતા થઈ કે નહિ? સમજાણું કાંઈ? ન્યાયથી, વસ્તુથી, સ્થિતિથી સમજવું પડે ને! એમ ને એમ અર્થ કરે (ચાલે નહિ). આ તો વીતરાગમાર્ગ છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ જ્યારે દૃષ્ટિમાં નહોતું અને રાગ ને પુણ્ય ને વિકલ્પ દૃષ્ટિમાં હતા ત્યારે તો તેની શ્રદ્ધા પણ મિથ્યા હતી. કેમકે રાગને જ, અંશને જ આત્મા માનતો હતો. અથવા રાગની પાછળ વર્તમાન ક્ષયોપશમ જ્ઞાન, દર્શન, વીર્યનો અંશ છે તે વિકાસ, અંશને આત્મા માનતો હતો. અંશને આત્મા માનતો હતો કાં રાગને આત્મા માનતો હતો, પણ ત્રિકાળ જ્ઞાયકભાવને આત્મા માનતો નહોતો. ભાઈ! ત્રિકાળ જ્ઞાયકભાવ અનંત ગુણથી ભર્યો છે, એની જ્યાં અંતર દૃષ્ટિ થઈ તો અંશને માનતો હતો ત્યારે તો રાગાદિનું લક્ષ થતું હતું, અંશી ઉપરની જ્યાં દૃષ્ટિ થઈ તો એમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ આનંદનો અંશ અને સ્વરૂપાચરણનો—સ્થિરતાનો અંશ સાથે હોય, હોય ને હોય જ છે. તારી લાખ ચર્ચા કરને! સમજાણું કાંઈ? શું કરે? ઓલાને બિચારાને મોળું મૂકવું પડ્યું છે, હોં! 'ગાંધી'ને. મેં કીધું, તપાસ કરું છું. શાસ્ત્રનો આધાર (જોઉં છું). જેમાં બેયને વાંધો ન આવે. શાસ્ત્રઆધાર મળતો નહિ. પણ ભગવાન! સાંભળ તો ખરો. ન્યાયથી સાંભળ. પ્રભુનો ન્યાયમાર્ગ છે.

અહીંયાં કહે છે, જુઓ! ચોથે ગુણસ્થાનથી આત્માની સ્થિરતા શરૂ થાય છે. પછી સ્થિરતા ન થઈ તો રાગથી પૃથક્ થયો કઈ રીતે? સાત તત્ત્વમાં આસ્રવતત્ત્વ અને અજીવ, બન્નેથી ભિન્ન થઈને જ્ઞાયક તત્ત્વની પ્રતીત કરી તો પ્રતીતિ થઈ ક્યાંથી? 'તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શન.' એમાં આસ્રવતત્ત્વ આવ્યું, પુણ્ય-પાપ (એમાં આવી ગયા), અજીવ તત્ત્વ આવ્યું, તો એની શ્રદ્ધા ક્યારે થાય? કે, આ આત્મામાં એ આસ્રવ અને અજીવ નથી એવી પ્રતીત કરવાથી સ્વરૂપની સ્થિરતા થઈ. જ્ઞાયકની શ્રદ્ધા થવાથી સંવર, નિર્જરાની પર્યાય ઉત્પન્ન થઈ. ત્યારે એ આસ્રવ બાકી રહી ગયો તે બંધનું કારણ છે એમ વ્યવહારથી જાણે છે. સમજાણું કાંઈ?

'**ત્યાં સ્વરૂપાચરણ ચારિત્ર છે જે અનંતાનુબંધી કષાયનો ઉદય ન થતાં પ્રગટ થઈ જાય છે.**' 'જ્ઞાનચંદજી'! ભાઈ! અનંતા ગુણમાંથી ચારિત્ર ગુણનો અંશ ન આવ્યો હોય તો અનંતાનુબંધી જતાં શું થયું? કેમકે અનંતાનુબંધી ચારિત્રમોહની પ્રકૃતિ છે, ભાઈ! ભલે એ ગમે તે શાસ્ત્રમાંથી કાઢે કે એ તો દર્શનમોહની પ્રકૃતિમાં જાય છે. વિપરીત અભિનિવેશમાં આવે છે, એવા 'ગોમ્મટસાર'ના દાખલા આપે છે. પણ ભાઈ! એ તો મિથ્યાત્વની વાત બનાવીને કરવાનું કહ્યું, પણ ચારિત્રમોહની પ્રકૃતિ તો પચીસ છે. દર્શનમોહની ત્રણ છે. તો સમ્યક્ અનુભવમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી ગયા તો એ તો કષાયની પ્રકૃતિ છે. કષાય જવાથી શું થયું? અકષાય અંશ થયો કે નહિ? અકષાય અંશ થયો તેનું નામ સ્વરૂપાચરણ ચારિત્ર છે. સમજાણું કાંઈ? આમાં વાદવિવાદનો વખત પણ ક્યાં છે? આ તો વસ્તુસ્થિતિ જ એવી છે. અનંતકાળમાં માંડ આવો વખત મળ્યો. આહાહા..! નિગોદમાંથી નીકળીને કેટલા પંચેન્દ્રિય, એમાં મનુષ્ય, એમાં વીતરાગની વાણીનું સાંભળવું, એમાં એ યથાર્થ વાત કાને પડવી અને એની રુચિ થવી એ તો મહાદુર્લભ, દુર્લભ ને દુર્લભ છે. સમજાણું કાંઈ?

'**પાંચમા દેશસંયમ ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાન કષાયનો ઉદય નથી એથી સ્વરૂપાચરણમાં અધિક સ્થિરતા થાય છે...**' લ્યો! ચોથામાં ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધની પ્રતીતિ થઈ તેની સાથે અંશે સ્થિરતા પણ થઈ. અને આગળ વધીને જ્યારે

પંચમ ગુણસ્થાન આવ્યું, એ ગુણસ્થાન અંતર દશાની વાત છે. ત્યાં બીજું અપ્રત્યાખ્યાનાવરણી... સમજાણું? અહીંયાં સ્વરૂપમાં સ્થિરતાની વૃદ્ધિ થઈ (તો આ બાજુ) અપ્રત્યાખ્યાનાવરણીનો નાશ થયો, તો ત્યાં સ્થિરતા વધી ગઈ. અહીંયાં (ચોથે ગુણસ્થાને) થોડી સ્થિરતા હતી કે સીધી પાંચમેથી આવી? સમજાણું કાંઈ? સ્થિરતાનો અંશ, સ્વસંવેદનનો અંશ, સ્વરૂપાચરણ કણિકાનો અંશ.. કણિકા લીધી છે ને? કણિકા લીધી છે. 'પરમાર્થ વચનિકા'. કણિકા જાગી, છે ને? અંતર દષ્ટિના પ્રમાણમાં મોક્ષમાર્ગ સમ્યગ્દષ્ટિ સાધે છે. સમ્યક્ માર્ગ સાધવો એ વ્યવહાર છે. સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણની કણિકા જાગી એ મોક્ષમાર્ગ સાચો. 'બનારસીદાસ', 'પરમાર્થ વચનિકા'. છેલ્લે કહેશે, આ યથાસુમતિ પ્રમાણ... સમજાણું? કેવળી વચનાનુસાર છે. યથાયોગ્ય સુમતિ પ્રમાણ જે જીવ આ સાંભળશે, સમજશે, શ્રદ્ધશે તેને ભાગ્ય અનુસાર કલ્યાણ થશે. સમજાણું કાંઈ? અજ્ઞાની હશે એ આ સ્થિતિ સાંભળશે ખરો, સમજશે નહિ. 'બનારસીદાસે' તો બહુ લખ્યું છે. ત્રણે કાળે એવા જીવ હોય છે. જ્યાં એને પોતાને અંદરમાં ભરોસો અને એ જાતનો ખ્યાલ ન આવે એટલે એને ખટક્યા કરે કે, આમ ન હોય, આમ હોય. પણ એને ધીરેથી શાંતિથી જોવે તો ખબર પડે ને?

અહીં કહ્યું, જુઓ! શું કહ્યું? સમ્યગ્જ્ઞાન, સ્વસંવેદન અને સ્વરૂપાચરણની કણિકા, ત્રણે થઈ ગયા. સમ્યગ્દષ્ટિ થઈ, સ્વસંવેદનજ્ઞાન થયું, ચોથે સ્વરૂપાચરણની કણિકા કીધી છે. પાંચમે વધી ગઈ, છઠ્ઠે વધી, સાતમે સ્થિરતા વધી ગઈ. 'ચંદુભાઈ'! જુઓને! ભાષા કેવી છે! સ્વરૂપાચરણની કણિકા જાગી. કણિયો જાગ્યો, સ્થિરતાનો અંશ, ચોથે (જાગ્યો છે). એમ લખ્યું છે, હોં! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ જીવ અંતર દષ્ટિ વડે મોક્ષપદને સાધે છે બાહ્યભાવને બાહ્ય નિમિત્તાધીન માને, રાગાદિ હોય છે, જાણે છે કે નિમિત્તરૂપ છે મોક્ષમાર્ગ. સમજાણું? અને મોક્ષમાર્ગ સાધવો, વ્યવહાર, શુદ્ધ દ્રવ્ય ક્રિયારૂપ તે નિશ્ચય. ભગવાન અક્રિય શુદ્ધ બિંબ તેને અહીં નિશ્ચય કહ્યું છે. અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ક્રિયા જે પર્યાય થાય એને ભેદરૂપ પર્યાય છે માટે વ્યવહાર કહ્યો. દશા લેવી છે ને? ધ્રુવ બિંબ પ્રભુ પડ્યો છે એને નિશ્ચય કીધો. અક્રિય છે, એમાં ક્રિયા નથી, પરિણમન નથી, ઉત્પાદ-વ્યય નથી. અને એને આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય થઈ એ મોક્ષમાર્ગ સાધ્યો, એ તો વ્યવહાર થયો. પર્યાય છે ને એ અપેક્ષાએ વ્યવહાર, હોં! ઓલો રાગ વ્યવહાર (કહે છે તેનું) અત્યારે કામ નથી. સમજાણું કાંઈ? કારણ કે મોક્ષમાર્ગની પર્યાયને આશ્રયે મોક્ષ થતો નથી. મોક્ષ તો દ્રવ્યને આશ્રયે થાય છે. મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય, મોક્ષનો ઉત્પાદ એ ભાવમાંથી થાય છે. ઓલી પર્યાયનો વ્યયઅભાવમાંથી ભાવ થાય છે? સમજાણું કાંઈ? 'જ્ઞાનચંદજી'! આ તો સીધી વાત છે, ભગવાન! આમાં કાંઈ કોઈ આઘીપાછી કરે એ વસ્તુ ચાલે નહિ. જુઓ! આ કણિકા (લખ્યું છે), હોં! 'પરમાર્થ વચનિકા'. સમ્યગ્દષ્ટિનો વિચાર સાંભળો, એમાં છે.

પાંચમાં ગુણસ્થાનમાં... પાંચમું ગુણસ્થાન સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં વધી ગયો. સર્વાર્થસિદ્ધિના દેવને તો કોઈને ચૌદ પૂર્વનું જ્ઞાન (હોય). અહીંથી એવું લઈને ગયા છે ને! આને કાંઈ ન હોય, થોડું (હોય). વિભાવ હેય અને સ્વભાવ આદરણીય એવું અંદર ભાન અનુભવના વેદનમાં થઈ ગયું. આગળ વધીને સ્થિર થયો તો સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં શાંતિ વધી ગઈ. આહાહા..! હેં? જેને પકડ્યો એમાં વિશેષ સ્થિર થયો એને હવે શું બાકી રહ્યું? પાંચમું ગુણસ્થાન..! આહાહા..! શ્રાવકદશા, કહે છે કે, જ્યાં સ્થિરતા શાંતિની વધી ગઈ છે અને આ પડિમાઓ જે છે એ પણ ખરેખર તો વિકલ્પ છે એ નહિ, અંદર સ્થિરતાના અંશો શાંતિના વધે છે એને ખરી નિશ્ચય પ્રતિમા કહે છે. કહો, સમજાય છે?

**'નિર્મળતા પણ થાય છે... ' 'સ્વરૂપાચરણમાં અધિક સ્થિરતા થાય છે અને નિર્મળતા પણ થાય છે. પાંચમા ગુણસ્થાનમાં અગિયાર શ્રેણી છે.'** સમજ્યા ને? અગિયાર પડિમા. ચડતાં ચડતાં આગળ વધે છે, લાંબી વાત છે. **'પ્રમત્ત ગુણસ્થાનમાં પ્રત્યાખ્યાન કષાયનો ઉદય રહેતો નથી... '** મુનિ..

મુનિ. 'સ્વરૂપાચરણમાં વિશેષપણે સ્થિરતા થાય છે. અપ્રમત્તમાં સંજ્વલન કષાયનો મંદ ઉદય છે ત્યારે અધિક નિશ્ચળતા થાય છે.' કરતા કરતા બારમા ગુણસ્થાને (પહોંચે છે). વીતરાગતા બારમે, વીતરાગતા તેરમે. અંતર્મુહૂર્તમાં કેવળ.

**'ઈષ્ટોપદેશમાં કહ્યું છે : મોક્ષના પ્રેમીઓનું કર્તવ્ય છે કે આત્મા સંબંધી જ પ્રશ્ન પૂછે,...'** હેં? **'મોક્ષના પ્રેમીઓને...'** આપણે વ્યાખ્યાન ચાલી ગયા છે. બધા વ્યાખ્યાન ઉતરી ગયા છે. 'ઈષ્ટોપદેશ' (બધા) વ્યાખ્યાન ઉતરી ગયા છે.

મુમુક્ષુ : આ વખતે આપે રાજકોટમાં આ જ શબ્દો કહ્યા હતા કે આત્માની જ વાત પૂછવાની.

ઉત્તર : આત્મા.. આત્મા.. આત્મા.. કરણાનુયોગ બધું હોય હવે મૂક ને. કેટલી તો અમને પણ આવડતી ન હોય. કરણાનુયોગમાં આ ગુણસ્થાને કેટલી પ્રકૃતિ બંધાય અને કેટલા સત્તામાં (હોય) એ યાદ પણ ન હોય, એની સાથે શું સંબંધ છે? ભગવાનઆત્મા આખો છે એનું પૂછ ને, એનું કહે ને, એનો ઉત્તર માગ ને! ભાઈ! આવે છે ને ઓલામાં, નહિ? ઘણા બોલ, અગિયાર બોલ આવે છે. 'યોગસાર'માં અગિયાર બોલ આવે છે. 'યોગસાર'માં આવી ગયું છે, આપણે બધું ઉતરી ગયું છે. ઘણા વખતથી ઘણી વાતો આવી છે. 'આત્મધર્મ'માં તો ઘણા પ્રકાર આવી ગયા. પણ માળા 'આત્મધર્મ'ને ઓલા કહે, એ.. એકાંત છે. ભગવાન! એને દૃષ્ટિમાં સમાતું નથી ને એટલે એમ લાગે. ભાઈ! એને ધીરેથી જોવું જોઈએ. એમ ને એમ પક્ષથી અને આગ્રહથી ન જોવાય. સમજાય છે? ન્યાયથી જોવું જોઈએ ને!

**'મોક્ષના પ્રેમીઓનું કર્તવ્ય છે કે તે આત્મા સંબંધી જ પ્રશ્ન પૂછે, તેનો જ પ્રેમ કરે...'** સમજ્યા? અમને કેટલાક ખાનગીમાં પૂછે, મહારાજ! અમારે ધ્યાન શી રીતે કરવું? એ જાણે કે, મહારાજ ધ્યાન કરે છે. પણ એવું કોઈ ધ્યાન નથી કે ૐ ૐ કર્યા કરે. આ આત્મા વસ્તુ છે તેની દૃષ્ટિ કરીને ઠરવું તે ધ્યાન છે. હજી આત્માની ખબર વિના ધ્યાન કોનું? સમજાય છે કાંઈ? એનો પ્રશ્ન કર, એને દેખ, એને અનુભવ કર. **'તે આત્મજ્યોતિ અજ્ઞાન રહિત છે,...'** ભગવાનમાં અજ્ઞાનની ગંધ નથી. એ તો ચૈતન્યનું નૂર, પૂર, સૂર્ય છે. ચૈતન્યના નૂરનું પૂર (છે). તેજ, નૂર એટલે તેજ. ચેતનના તેજનું પૂર છે. એમાં અંધકાર કેવા? સૂર્યમાં અંધકાર હોય? આ જડ રજકણ (છે). આ તો ઘણા રજકણની પર્યાયની વિભાવિક દશા (છે). આ તો એક દ્રવ્ય અખંડ, એક દ્રવ્ય અખંડ (છે). આ (સૂર્ય) તો ઘણા રજકણનો પિંડ છે. એક દ્રવ્ય અખંડનું તત્ત્વ, એકલા ચૈતન્યનું પૂર છે. એનો પ્રશ્ન કર. એ અજ્ઞાન રહિત **'પરમ જ્ઞાનમય છે અને સૌથી (ભગવાન) મહાન છે.'** કહો, સમજાણું કાંઈ?


## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર

પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. રાજ-હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનો આવી રહ્યાં છે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૬૭ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૭-૬-૧૯૮૩, પ્રવચન નં. ૧૨૩ (વિષય : માર્ગદર્શન)**

**અલિંગગ્રહણના ૨૦માં બોલમાં ધ્રુવને સ્પર્શતો નથી એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કહ્યું, ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે, કેમ કે આનંદનું વેદન પરિણતિમાં છે. ત્રિકાળીનું વેદન થતું નથી. તેથી વેદનમાં આવ્યો તે હું-એમ કહ્યું છે. જ્યાં જે આશય હોય તે સમજવો જોઈએ. અહીં સમ્યગ્દર્શનની વાત છે. સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી-ધ્રુવસામાન્ય તે એક જ સર્વ તત્ત્વોમાં સાર છે. એ વસ્તુ પોતે ધ્રુવ છે. તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે. ૨૬૭.**

(૩૨:૦૦ મિનિટથી..)

૨૬૭. એ પણ 'નિયમસાર' પરમાગમની ૩૮મી ગાથા ઉપરનો જ બોલ છે. '**અલિંગગ્રહણના ૨૦માં બોલમાં ધ્રુવને સ્પર્શતો નથી એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કહ્યું, ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે, કેમકે આનંદનું વેદન પરિણતિમાં છે.**' હવે, બીજા શાસ્ત્રમાં આથી વિરુદ્ધ કથન આવે છે એનું અહીંયાં સ્પષ્ટીકરણ છે, ખુલાસો છે. 'પ્રવચનસાર' પરમાગમ છે. આ જ આચાર્યનું છે-'કુંદકુંદાચાર્ય'નું છે. એમાં ૧૭૨ નંબરની ગાથા છે. એ ગાથામાં અલિંગગ્રહણ શબ્દનો પ્રયોગ છે. એ એક શબ્દના ૨૦ અર્થ ટીકાકાર આચાર્યે ત્યાં કર્યા છે. એ ૨૦ અર્થમાં ૨૦મો અર્થ આવો કર્યો છે એમ કહે છે.

'**અલિંગગ્રહણના ૨૦માં બોલમાં ધ્રુવને સ્પર્શતો નથી એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કહ્યું,...**' મૂળ શબ્દ ત્યાં વાપર્યો છે અર્થાવબોધ સામાન્ય. જે અર્થાવબોધ સામાન્ય છે, અવબોધ એટલે જ્ઞાન, અર્થ એટલે ભાવ જે જ્ઞાન સામાન્ય ભાવસ્વરૂપ છે તે ત્રિકાળી શુદ્ધ આત્મા છે, તે ધ્રુવ આત્મા છે, તે કારણપરમાત્મા છે. તેને નહિ આલિંગિત એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે. એમ ત્યાં ૨૦માં બોલના શબ્દો પડેલા છે. અર્થાવબોધ સામાન્ય, તેને નહિ આલિંગિત એવી શુદ્ધ પર્યાય. કેમકે અલિંગગ્રહણ છેને? નહિ આલિંગિત—એને સ્પર્શતી નથી, એને અડતી નથી, એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે. ત્યાં શુદ્ધ પર્યાયને આત્મા કહ્યું. અહીંયાં શુદ્ધ પર્યાયને અણાત્મા કહ્યું. તો આમ પરસ્પર વિરુદ્ધ કથન જે શાસ્ત્રોમાં આવે છે એનું સ્પષ્ટીકરણ શું? એ ખુલાસો આ બોલની અંદર છે. પોતેને પોતે સ્પષ્ટીકરણ આપે છે પ્રવચન કરતા કરતા 'ગુરુદેવ'. શ્રોતાને પ્રશ્ન ઊપજે કે ન ઊપજે. પણ એક કોરથી તમે એમ કહો કે શુદ્ધ પર્યાય અનાત્મા, એક કોરથી એમ કહો કે ધ્રુવને ન અડતી હોય તેવી શુદ્ધ પર્યાય તે આત્મા. અમારે સમજવું શું? ત્યાં જે કાંઈ કહેવા ધારે છે એ વાતને બરાબર ખ્યાલમાં લેવી જોઈએ.

કહે છે કે ત્યાં **'શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કહ્યું, ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે,... '** ત્યાં વેદનને મુખ્ય કરીને એ વાત કરી છે. જેમ માણસ કોઈ બહુ શ્રીમંત હોય, અબજોની સંપત્તિ હોય. એ માણસ એ સંપત્તિ ભોગવતા ભોગવતા આયુષ્ય પૂરું કરે, ગુજરી જાય ત્યારે માણસ એમ કહે છે કે ભાઈ આ ક્યાં એનું હતું? આ ઘરબાર, રાચરચીલા, મોટર, ગાડી, બંગલા એનું ક્યાં હતું ? સામાન્ય માણસો પણ (એમ કહે) એનું હતું નહિ. એનું હોત તો સાથે લઈ જાત ને. આ બધું અહીંયાં પડ્યું રહ્યું અને ભાઈસા'બ ક્યાંક વયા ગયા. તો કહે છે કે એનું કેટલું? કે એણે ભોગવ્યું એટલું એનું. શું કહેવાય છે? કે જેટલું એણે ભોગવ્યું એટલું એનું.

એમ આત્મામાં અનંત આનંદની સંપત્તિ છે. એમાંથી જેટલું ભોગવે એટલું એનું એમ કહે છે. કોઈ પોતાની પૂરી કે અધૂરી સંપત્તિને પણ અડધી સંપત્તિને પણ ભોગવતા નથી લૌકિકમાં. પૈસા કમાય છે એનાથી અડધા પણ ભોગવતા નથી. લગભગ તો ઝાઝી મૂડી અહીંયાં રાખીને જ જાય છે. એને એક જાતનો મોહ છે કે આમ કરવું જોઈએ. પણ એનો કાંઈ અર્થ નથી. જેટલો વપરાય એનો અર્થ છે.

શાસ્ત્રમાં તો બહુ સરસ ન્યાયો આવે છે એની પાછળ કે ભાઈ! તું તારી લક્ષ્મીને નહિ ભોગવ અથવા તું એનો યથાસ્થાનમાં ઉપયોગ નહિ કર દાનાદિ અને ભોગાદિમાં, તો એ ક્યારે કેવા કુપાત્ર જીવોના હાથમાં જશે, તારા વંશપરંપરા કાંઈ બધા પાત્રતાવાળા થશે એવું તો કાંઈ છે નહિ એટલે ભોગમાં એનો ઉપયોગ થશે તો પાપ બંધાશે અને દાનમાં ઉપયોગ થશે તો પુણ્ય બંધાશે. હવે તને ઠીક લાગે એમ કર. એમ કરીને ઉપદેશ આપવામાં આવે છે. પણ કહેવાનો મતલબ એટલો છે કે જેટલું ભોગવ્યું એટલું એનું. એમ અહીંયાં એ ન્યાય છે.

શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કહ્યું ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે. કેમકે આનંદનું વેદન પરિણતિમાં છે. જે વર્તમાન પર્યાય છે એમાં જેટલો આનંદ ભોગવાય છે એટલો આત્મા છે. ત્યાં એને આત્મા કહેવામાં આવે છે. કેમકે એટલી એની પોતાની ચીજ એને ભોગવટામાં આવી. બાકીનું તો એમને એમ જે રિઝર્વ રહી ગયું, ભલે એ આશ્રયસ્થાન છે અને આ આશ્રયસ્થાન નથી. તોપણ અહીંયાં વેદાય છે એટલું જ કાર્ય થયું છે તેથી તેને આત્મા કહેવામાં આવે છે. એ પણ એક કહેવાની શૈલી છે. નહિતર શું થાય છે? આમ શા માટે કહ્યું? આ એક તર્ક થાય એવો છે. જેનો આશ્રય કરાવવો નથી. જે આનંદાદિ અવસ્થાનો પણ આશ્રય કરાવવો નથી એને આત્મા કહીને શું પ્રયોજન છે? આવો પ્રશ્ન અહીંયાં થવા યોગ્ય છે.

તો કહે, અહીંયાં એટલું પણ પ્રયોજન છે કોઈ ત્રિકાળી... ત્રિકાળી.. ત્રિકાળી... ત્રિકાળી તે હું એમ કર્યા કરે છે પણ એને જો આનંદનું ઊપજવું જ ન થાય તો એને તો આત્મા જ નથી. શું કહેવું છે? એક નિશ્ચયાભાસનો પ્રકાર ઉત્પન્ન થાય છે એમાં નિશ્ચય આત્મસ્વરૂપની કલ્પના કરેલી હોય છે તે જીવે કે આવો મારો આત્મા છે. ત્રિકાળ પર્યાય વિનાનો શુદ્ધ ધ્રુવ અપરિણામી એ બધા વિશેષ એણે લગાડેલા હોય છે. પણ એની કલ્પના જ હોય છે, એને પોતાનું સ્વરૂપ એવું ભાસતું નથી. અને પછી વર્તમાન અવસ્થામાં આનંદ પ્રગટ્યા વિના એ ત્રિકાળી આવો હું... આવો હું... આવો હું... આવો હું... આવો હું... એમને એમ જે એને ધૂન ચાલે છે એ કલ્પનામાં રટણ ચાલે છે એને કહે છે કે એ આત્મા નથી. અહીં તો આનંદ ઊપજે તે આત્મા છે એમ કહેવું છે.

એટલા માટે એ લક્ષણ બાંધ્યું છે કે નિશ્ચયાભાસ નથી એનું લક્ષણ શું? કે નિશ્ચયાભાસી નથી અને નિશ્ચયાભાસી છે, બંને એક જ પ્રકારે આત્માની વાત

કરે છે તો એ બંનેમાં આ નિશ્ચયાભાસી છે અને આ નિશ્ચયાભાસી નથી એમ કેમ નક્કી થાય? કે જેને આનંદ ઊપજે છે તે નિશ્ચયાભાસી નથી. આત્માનો આનંદ જેને ઊપજે છે તે નિશ્ચયાભાસી નથી.

'સોગાનીજી'નો 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' ગ્રંથ પ્રગટ થયો. ત્યારે એ વાત 'ગુરુદેવશ્રી' પોઈન્ટ આઉટ કરીને બતાવતા હતા મુખ્ય કરીને કે જુઓ અહીંયાં આનંદની વાત કરી છે. કોઈએ કહ્યું હશે કે આ તો નિશ્ચયાભાસી છે. એ ચર્ચામાં એ વાત આવી છે કે ભલેને લોકો નિશ્ચયાભાસી કહે, યહાં તો આનંદ આતા હૈ. અહીં તો આનંદ આવે છે એટલે એ બતાવે છે કે આભાસ નથી. આનંદ આવે છે, પુરુષાર્થ પ્રવર્તે છે, શાંતિ વધે છે એ સ્પષ્ટ કરે છે, પરિણામ અંતર્મુખ થાય છે એ સ્પષ્ટ કરે છે કે આમાં નિશ્ચયાભાસ નથી. નિશ્ચયનો આભાસ હોય એમાં પરિણામ કેવળ બહિર્મુખ રહે અને એ એમ માની બેસે ખોટેખોટું કે બરાબર હું આવો નિશ્ચય આત્મા છું, આવો નિશ્ચય આત્મા છું. એ ભ્રમ છે, વિશિષ્ટ ભ્રમ છે.

એટલે એ વાતને પણ અહીંયાં સ્પષ્ટ કરવી છે. ત્યાં ૧૯ બોલ સુધી સામાન્ય દ્રવ્યની વાત કરી છે. ૧૯ બોલ સુધી એકલા ત્રિકાળી આત્માની વાત કરી છે અલિંગગ્રહણમાં. અને ૨૦માં બોલમાં પર્યાયની વાત કરી છે કે દ્રવ્ય સામાન્યને, અર્થાવબોધ સામાન્યને નહિ આલિંગિત એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે. એ ૧૯ કહ્યા પછી એનું ચિહ્ન બતાવ્યું છે કે આ ૧૯ ખરા ક્યારે? કે એમાં આનંદ ઊપજે ત્યારે. જો એમાં આત્માના આનંદનું ચિહ્ન ન આવે, સ્વસંવેદન આનંદની છાપવાળું છે. પરમાગમના આ બધા વચનો છે અધ્યાત્મના કે જે સ્વસંવેદન પ્રગટ થાય છે મોક્ષમાર્ગમાં, એમાં આત્માના આનંદની છાપ છે.

મુનિદશા છે, જેમાં બહારથી જંગલવાસી કહેવાય છે, વનવાસી મુનિઓ કહેવાય છે અને એમને આહાર, પાણી, રહેવું એવી કોઈ વ્યવસ્થિત વ્યવસ્થા નહિ હોવા છતાં એમને દુઃખ નથી અને આનંદ વધારે છે એ એમના મુનિપણાનું ભાવલિંગ છે. આનંદના, આત્માની શાંતિના ફુવારામાં એ ડૂબેલા છે, સ્નાન કરે છે. જગતના જીવો દુઃખના ડુંગરા નીચે દબાયેલા છે અને આકુળતાની હોળીમાં સળગે છે. જ્યારે વીતરાગી મુનિઓ 'એગંત સુહી મુનિ વીતરાગી'. એકલા જગતમાં કોઈ સુખી જીવ હોય તો તે વીતરાગી મુનિ છે એમ લેવામાં આવ્યું છે. પણ એમને તો કોઈ વ્યવસ્થા નથીને? એમને તો કોઈ એમના માટે કાંઈ સગવડ નથીને, સાધન નથી ને? એ સાધન સગવડ એ સુખનું કારણ નથી. એ જગતને પ્રસિદ્ધપણે એ જાહેર કરે છે કે સાધન સગવડ અનુકૂળતાઓ તે સુખનું કારણ નથી. તો તો એ જેને હોય એ વધારે સુખી ગણવા જોઈએ. પણ એ તો પ્રત્યક્ષપણે જોવામાં આવતું નથી.

કહે છે કે એવી શુદ્ધપર્યાય તે આત્મા છે એમ કહ્યું ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે. ત્યાં વેદનની વાત બતાવવી છે એમ ગણીને તે કહેવામાં આવ્યું છે. '**કારણ કે આનંદનું વેદન પરિણતિમાં છે.** ' જે કાંઈ આનંદનું વેદન છે એ વેદન તો પર્યાયમાં થાય છે, વેદન દ્રવ્યમાં થતું નથી. અવેદકપણું છે. દ્રવ્ય તો અવેદકપણે છે. વેદન છે તે અવસ્થાનું કાર્ય છે, અવસ્થાનો વિષય છે, અવસ્થાનો ધર્મ છે.

'**ત્રિકાળીનું વેદન થતું નથી.**' છે? સ્પષ્ટ છે? '**ત્રિકાળીનું વેદન થતું નથી.**' ત્રિકાળી તો શક્તિરૂપ છે. વેદન તો વ્યક્તિમાં થાય. જે શક્તિરૂપ છે એમાં વેદન થતું નથી. અગ્નિ શક્તિરૂપ હોય એમાં ઉષ્ણતા ન આવે. વ્યક્તિરૂપ અગ્નિમાં ઉષ્ણતા આવે. ઠીક! ઉષ્ણતા અગ્નિનો ધર્મ છેને? તો દીવાસળીના ટોપકામાં શક્તિરૂપ અગ્નિ છે એમાં ઉષ્ણતા નથી. એ ગમે તેટલો ઠંડો હોય. આ દીવાસળી, એવી રીતે આ ચકમકનો પત્થર છે લ્યો. એમાં અગ્નિ થાય છે કે નહિ? અથવા બે પદાર્થ ઘસાય તો અગ્નિ થાય છે. પણ એ શક્તિરૂપ

અગ્નિ છે ત્યાં સુધી એનું કોઈ જોખમ નથી. સળગવું તો વ્યક્તિરૂપ અગ્નિમાં થાય છે. ઉષ્ણતા તો વ્યક્તિરૂપ અગ્નિમાં છે. એમ શક્તિરૂપ જે આત્મતત્ત્વ છે એમાં વેદન નથી, એ ત્રિકાળી તત્ત્વ છે. ત્રિકાળીમાં વેદન થતું નથી. '**તેથી વેદનમાં આવ્યો તે હું-એમ કહ્યું છે.**'

આ જે ૨૦મો બોલ છે એમાં એ વાત લીધી છે. તો કે જેટલી શુદ્ધતા અને જેટલું આનંદ શાંતિનું વેદન આવ્યું, અનંતગુણનું વેદન છે. ધર્મની એક અવસ્થામાં પછી ચાહે તે પ્રારંભની પ્રથમ-પહેલી અવસ્થા હો તોપણ તેમાં અનંતગુણનું વેદન છે. આત્માનું વેદન છેને આત્માના આશ્રયે તો એમાં અનંતે ગુણનું જે પરિણમન છે, સમ્યક્ત્વ થતાં આંશિક શુદ્ધ થાય છે અને એનું વેદન આવે છે. એમાં આનંદ, શાંતિ વગેરે ગુણો પણ પરિણમતા હોવાથી એનું પણ પ્રગટ વેદન આવે છે. '**તેથી વેદનમાં આવ્યો તે હું-એમ કહ્યું છે.**' લ્યો આ વેદ્ય-વેદક આવ્યું. પૂછતા હતાને તમે બે-ત્રણ દિવસ પહેલા કે વેદ્યવેદકભાવ શું?

મુમુક્ષુ :- .. જ્ઞાની એમ કહેતા હતા કે વેદ્યવેદક જ્ઞાની નથી કરતા. ઇચ્છા હોતી નથી અને આ લોકોને ભોગવવાની ઇચ્છા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- બે વાત છે. બહારમાં બીજા પદાર્થોને ભોગવવામાં તે પદાર્થો વેદાય છે એમ કહેવાય છે. તો ત્યાં વેદક એટલે વેદન કરનાર. ક એટલે કરનાર. વેદન કરનાર તે આત્મા. અને વેદ્ય એટલે વેદાવાયોગ્ય, ભોગવવા યોગ્ય તે અન્ય વિષય. 'સમયસાર'ની ૨૧૬ નંબરની ગાથામાં આ વિષય આચાર્યદેવે લીધો છે કે જગતનો જીવ વેદ્યવેદકભાવે પરિણમે છે. એટલે અન્ય પદાર્થને ભોગવવાના કાળમાં એનું જે વેદ્યવેદકપણું છે એનું પૃથક્કરણ કરવામાં આવે તો જ્યારે એને વેદન કરવાનો ભાવ છે, ઇચ્છા થાય છે ત્યારે વસ્તુ ઇચ્છાના કાળમાં હાજર હોતી નથી. હાજર ન હોય ત્યારે ઇચ્છા થાયને? જ્યારે એ ભોગવવા યોગ્ય, વેદાવા યોગ્ય પદાર્થનો સંયોગ થાય છે ત્યારે તેના પરિણામમાં ઇચ્છા કોઈ અન્ય પદાર્થની ઉત્પન્ન થાય છે. એટલે વેદ્ય-વેદકભાવે એક કાળે ઉત્પન્ન નહિ રહેતા હોવાથી જે પદાર્થની ઇચ્છા થઈ તે પદાર્થ આવતા તે પદાર્થની ઇચ્છા ન રહી. કેમકે પદાર્થ આવી ગયો એટલે ઇચ્છા ઊડી ગઈ. તો એ ઇચ્છા અને ભોગ્ય જે છે એ બેનું એક સમયે મળવું નહિ થતું હોવાથી કદી પણ સંસારી પ્રાણીને બાહ્ય પદાર્થમાં તૃપ્તિ થતી નથી. પરિણામમાં અતૃપ્તપણું રહેવાનું કારણ વેદ્યવેદકભાવની અનઅવસ્થા છે, એક સાથે અવસ્થા નથી.

જ્યારે આત્મામાં આત્માને અનુભવતા, આત્માની શાંતિ અને આત્માના આનંદને ભોગવવામાં ઇચ્છાપૂર્વક ભોગવવું નથી. ત્યાં તો વેદન કરનાર અને વેદાવાયોગ્ય પોતે જ છે. વેદન કરનાર પણ અવસ્થા છે અને વેદાવાયોગ્ય પણ આત્મામાં ઉત્પન્ન થતી શાંતિ છે. એટલે વેદ્યવેદકભાવ અભેદ હોવાથી ત્યાં તૃપ્તિ થાય છે, ત્યાં શાંતિ થાય છે. આત્માના આનંદમાં અને આત્મિક શાંતિમાં તૃપ્તિ રહેવાનું આ કારણ છે અને બીજા પદાર્થમાં શાંતિ અને તૃપ્તિ નહિ થવાનું આ કારણ છે. એમ બે વાત ત્યાં સમયસારમાં સ્પષ્ટ કરી છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- જે અન્ય પદાર્થ છે એ અન્ય પદાર્થની ગેરહાજરીમાં ઇચ્છા થાય છે અને જ્યારે એ પદાર્થ આવે ત્યારે એની ઇચ્છા ક્યાં રહી? કેમકે એ તો આવી ગયો. એટલે ઇચ્છા એને ત્યાં વેદકભાવ કહ્યો. અને આવનાર પદાર્થ જ્યારે આવતા વેદ્યભાવ થયો, ભોગવવાનો ભાવ થયો તે વેદ્ય છે. એ વેદ્ય અને વેદકભાવ ક્રમે રહે છે, અક્રમે એક સાથે રહી શકતા નથી. કેમકે અન્ય પદાર્થના વિષયમાં છે. એટલે વેદ્યવેદકભાવો એકસાથે નહિ મળતા હોવાથી ક્યારે પણ બાહ્ય પદાર્થમાં તૃપ્તિ થતી નથી. અને પોતાના જ આત્મામાં વેદનાર અને વેદન કરનાર બંને, વેદનાર

અને વેદાનાર, વેદન કરનાર અને વેદનમાં આવે છે એ બંને પોતે જ છે. આત્મભાવ જ વેદન કરે છે અને આત્મિક શાંતિ વેદાય છે. અને એમાં ઇચ્છાની જરૂર નથી. કેમકે અભેદ છે પોતે. એટલે ઇચ્છાનો વિકલ્પ નથી એની અંદર. તેથી ત્યાં શાંતિ અને તૃપ્તિ થાય છે. આ એનું કારણ છે. એ શાંતિ–અશાંતિનું ત્યાં વૈજ્ઞાનિક રીતે પૃથક્કરણ કર્યું છે.

જેમ કોઈ લેબોરેટરીમાં પૃથક્કરણ કરે છેને કે આમાં શું શું છે? આ ભાગ કેટલો? આ ભાગ કેટલો? ધાતુનું પૃથક્કરણ કરે તો કઈ કઈ ધાતુ કેટલી? એમ આ એનું પૃથક્કરણ કર્યું છે કે આ વિજ્ઞાન છે. અને કોઈ જગતના જીવને ગમે તેટલા ભોગ–વિલાસના અને સાધન સગવડના નિમિત્તો અને સંયોગો હોય તોપણ કોઈપણ જીવને તૃપ્તિ ન થાય એનું આ કારણ છે. વાસ્તવિક કારણ છે. આ એની વાસ્તવિકતા છે. અને કોઈપણ સાધન વગર જે આત્માના આનંદમાં પરિણમ્યા છે એ શાંતિમાં પરિણમ્યા છે. એને તૃપ્તિ છે એનું આ કારણ છે. બે વાત પ્રસિદ્ધ કરી છે પોતે. એટલે આવું જાણીને જ્ઞાની પરપદાર્થની ઇચ્છા કરતા નથી. અથવા આવું જાણનાર જ્ઞાનીને પરપદાર્થની ઇચ્છા થતી નથી. થતી નથી એને કરતા નથી એમ કહેવામાં આવે છે.

એક માણસને ખબર પડી કે આ ઘઉંના લોટનો ઢગલો નથી પણ લાકડાનો વેર પડ્યો છે, ભૂસુ છે. પછી એમાંથી ચુરમુ બનાવવાની ઇચ્છા થતી નથી. કેમકે ખબર પડે કે આમાં ગોળ ને સાકર ને ઘી નાખતા એ નકામા જાશે. એના લાડવા વાળીને ખવાશે નહિ. એનું જ્ઞાન જ છે એ ઇચ્છાને તોડે છે. એમ જે જ્ઞાનીને ખબર પડી કે પરપદાર્થમાં વેદ્યવેદકભાવની સંભવિતતા નથી એક કાળે, તેથી એમાંથી અતૃપ્તિની ઉત્પત્તિ થશે, તૃપ્તિની ઉત્પત્તિ નહિ થાય. એમ જેને એનું વિજ્ઞાન જણાયું તેને ઇચ્છા તૂટી જાય છે, એને ઇચ્છા ઉત્પન્ન થતી નથી. એમ સહજ જ ઇચ્છાનું ઉત્પન્ન ન થવું એ પરપદાર્થ બાજુ જતાં પરિણામ, પરવિષયમાં રોકાતા પરિણામને ઑટોમેટિક ટાળવાનું, સહજ ટાળવાનું એ જ્ઞાન ઉપાય થઈ ગયો. આવું જ્ઞાન છે તે એનો ઉપાય થઈ ગયો, એ એનો માર્ગ થઈ ગયો. એ અનેક પડખેથી જુઓ તો વસ્તુનું વિજ્ઞાન જ એવું છે કે પર બાજુ જતાં પરિણામને અટકાવે અને સ્વરૂપમાં પરિણામને સ્થિર કરે. આવું જ વસ્તુનું સ્વરૂપ છે. એના અનેક પડખેથી જ્ઞાન કરવામાં આવતા આ જ પરિસ્થિતિ ઊભી થાય અને બીજી પરિસ્થિતિ ઊભી થાય નહિ.

અહીંયાં તો વળી એથી આગળનો વિષય છે કે **'ત્રિકાળીનું વેદન થતું નથી.'** જે શુદ્ધ આત્મા છે એનું વેદન નથી થતું, વેદન તો પર્યાયનું થાય છે. તેથી પર્યાય વેદનમાં આવી, હુંપણું પર્યાયમાં અનુભવાયું. આ પર્યાયના આશ્રયે નહિ હોં! પર્યાયનો આશ્રય નથી અહીંયાં. અહીંયાં તો સ્થાન લેવું છે. કેમકે આશ્રય એટલે લક્ષ. લક્ષ તો ત્રિકાળી ઉપર છે. આવો હું. એમ આવો હું એવો ભાવ પર્યાયમાં વેદાયો તેને ત્યાં આત્મા કહેવામાં આવ્યો છે વેદનની મુખ્યતા કરવા માટે, વેદનની પ્રસિદ્ધિ બતાવવા માટે. અને એવા વેદન વગર કોઈ એવી રીતે શુષ્કપણે એમ ન કરે એ વાતને પણ ત્યાં સમજાવવી છે.

**'તેથી વેદનમાં આવ્યો તે હું–એમ કહ્યું છે. જ્યાં જે આશય હોય તે સમજવો જોઈએ.'** એમ કહે છે. જ્યાં જે અધિકાર ચાલતો હોય અને જે આશય હોય, કહેવા ધારેલો અભિપ્રાય હોય એ વાત ત્યાંથી સમજવી જોઈએ. ત્યાં પછી બીજે કહી છે એ વાતને અહીંયાં વચ્ચે લાવવી જોઈએ નહિ. **'અહીં સમ્યગ્દર્શનની વાત છે.'** ક્યાં? અહીંયાં જે 'નિયમસાર'નો અધિકાર ચાલે છે ત્યાં કોના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટે છે એમ કહે છે.

'અહીં સમ્યગ્દર્શનની વાત છે. સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી-ધ્રુવસામાન્ય તે એક જ સર્વ તત્ત્વોમાં સાર છે.' સર્વ તત્ત્વ એકસારઃ. ત્યારપછીનો એ કળશ છે, શ્લોક છે ટીકાકારનો એમાં એટલા સંસ્કૃતના શબ્દ લીધા છે. જે સર્વ તત્ત્વમાં એક સારરૂપ છે. કારણપરમાત્મા આશ્રયનું સ્થાન હોવાથી તે એક જ આશ્રય કરવા યોગ્ય હોવાથી તે સર્વ તત્ત્વોમાં એક જ સારભૂત છે. જગતમાં ભલે ગમે તેટલા તત્ત્વો હોય તોપણ એ સર્વ તત્ત્વોમાં સારભૂત પોતાનું પરમાત્મપદ છે. આ કાંઈ સિવાય સારભૂત નથી.

'સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી-ધ્રુવસામાન્ય તે એક જ સર્વ તત્ત્વોમાં સાર છે.' અથવા તે એક જ સર્વ તત્ત્વોમાં ઉત્કૃષ્ટ છે. 'એ વસ્તુ પોતે ધ્રુવ છે.' પોતે જ ધ્રુવ વસ્તુ છે. 'તેના ઉપર લક્ષ જતાં...' એટલે આ હું છું એમ લક્ષ જતાં 'સમ્યગ્દર્શન થાય છે.' સમ્યગ્દર્શન થાય છે ત્યારે સમ્યગ્જ્ઞાન થાય છે, ત્યારે સ્વરૂપ સ્થિરતારૂપ આચરણરૂપ સમ્યક્ ચારિત્ર થાય છે, આંશિક થાય છે અને ત્યારે એને આત્માની શાંતિ અને આત્માનો સ્વસંવેદનનો આનંદ ઊપજે છે. એ અલિંગગ્રહણના બોલનો ખુલાસો પણ અહીંયાં લીધો છે.


## નવીન પ્રકાશન




## અધ્યાત્મ પિપાસા (ભાગ-૨)

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા' નામક ગુજરાતી ગ્રંથ કુલ ૧૩ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના સાથે પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની આગામી જન્મ જયંતિ મહોત્સવ પ્રસંગે, તા. ૧૩-૮-૨૦૨૨ના દિવસે ભાગ-૨ પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની જરૂરિયાત હોય તેઓએ પોતાના નામ તથા સરનામા તા. ૧૫-૭-૨૦૨૨ પહેલા, શ્રી રાજેન્દ્રભાઈ જૈન, ભાવનગર, (મો. ૯૮૨૫૧૫૫૦૬૬)ને વોટ્સ અપ કરવા વિનંતી.


**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જુલાઈ-૨૦૨૨)નું શુલ્ક સ્વ. ખીમજીભાઈ ગંગર, હ. લક્ષ્મીબહેન ગંગર, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૧૨–B



(૩૭:૫૦ મિનિટથી...)

પ્રશ્ન :– ઉપયોગમાં શું...?

ઉત્તર :– દોનોં એક સાથમેં હોતા હૈ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. વહ શ્રદ્ધા દ્રવ્ય કા આશ્રય લેકર સમ્યગ્દર્શન હોતા હૈ, સ્વાનુભૂતિ હોતી હૈ ઔર જ્ઞાન ભી દ્રવ્ય કા આશ્રય લેતા હૈ. જ્ઞાન કા ઉપયોગ તો સ્વાનુભૂતિ જબ હોતી હૈ તો જ્ઞાન કા ઉપયોગ તો સ્વ મેં હૈ. જબ બાહર આતે હૈ તબ સ્વરૂપ કી ભેદજ્ઞાન કી પરિણતિ રહતી હૈ. પરિણતિ રહતી હૈ. ઉપયોગ તો બાહર હોતા હૈ વો શુભાશુભ ભાવો મેં જાતા હૈ ગૃહસ્થ હોવે તો, ઉપયોગ તો બાહર હોતા હૈ. જબ બાહર આવે તબ ઉપયોગ બાહર હોતા હૈ લેકિન પરિણતિ ભેદજ્ઞાન કી રહતી હૈ, ભેદજ્ઞાન કી રહતી હૈ.

પ્રશ્ન :– ઉપયોગ તો ઉસ કાલમેં અંદર રહતા હૈ.

ઉત્તર :– સ્વાનુભૂતિ કે સમય મેં તો ભીતર મેં સ્વાનુભૂતિ મેં તો અંતર મેં આત્મા મેં ઉપયોગ રહતા હૈ.

પ્રશ્ન :– ઉપયોગ ઔર દર્શન એક સાથ મેં હોતા હૈ. તો ઉસ સમય ઉપયોગ દર્શન કે સાથ હોતા હૈ?

પ્રશ્ન :– દર્શનની સાથે ઉપયોગ હોય છે કે જ્ઞાનની સાથે?

ઉત્તર :– સ્વાનુભૂતિ વખતે દર્શનઉપયોગ હોય, જ્ઞાનઉપયોગ હોય. એમ કહે છે?

પ્રશ્ન :– નહિ. એમ નહિ. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે ત્યારે ઉપયોગ છે એ શ્રદ્ધાની સાથે કે જ્ઞાનની સાથે?

ઉત્તર :– એક ગુણ પર ઉપયોગ હો તો દૂસરે ગુણ કો નહીં જાન સકતા ઐસા નહીં હોતા. ઉપયોગ તો સબકો જાનતા હૈ. ઉપયોગ જ્ઞાનકો જાનતા હૈ, ઉપયોગ દર્શન કો જાનતા હૈ, ઉપયોગ દૂસરે ગુણોં કો ભી જાનતા હૈ.

પ્રશ્ન :– સમ્યગ્દર્શન જબ હોતા હૈ તો જ્ઞાન કે સાથ હોતા હૈ, તો ઉપયોગ મેં જિતના માન લો દર્શન મેં ... આનંદ ... હોતા હૈ, રહતા હૈ ઉતના હી સમ્યગ્દષ્ટિ કો હોતા હૈ ઔર જ્ઞાન મેં જો ... રહતી હૈ તો ઉપયોગ મેં જ્ઞાન ઉતના હી જાન લેતા હૈ કિ જિતના અરિહંત કેવલી કા હૈ ઉતના હી હમારા હૈ.

ઉત્તર :– એ શું કહે છે?

પ્રશ્ન :– જ્ઞાનમાં અરિહંત પરમાત્માઓને જેટલું જ્ઞાનમાં આવે છે એટલું જ ઉપયોગમાં સમ્યગ્દષ્ટિને (આવે છે)?

ઉત્તર :– દો હજાર સાગરોપમ મેં તેરે આત્મા કા કલ્યાણ કર લે ઐસા કહતે હૈં. સમય તો ચલા જાયેગા. કાલ પૂરા હો તો ચલે જાયે. ઐસે ભવ જીવને અનંત બાર કિયા હૈ, અનંત કાલ ચલા ગયા. નિગોદ મેં અનંત કાલ હુઆ, ત્રસ હુઆ. સાગરોપમ કા કાલ દો હજાર સાગરોપમ કા કાલ ભી બિતાયા, ફિર નિગોદમાં ગયા. ઐસે અનંતકાલ ગયા. અબ તો મનુષ્યપર્યાય હુઈ ઔર ઐસા ધર્મ મિલા, ઐસે ગુરુ મિલે, આત્મા કા સ્વરૂપ સમજાનેવાલે ગુરુ મિલે તો આત્મા કા કલ્યાણ કર લે. વો કરના હૈ. આત્મા કા કલ્યાણ હોતા હૈ વહ કરના જરૂરી હૈ.

પ્રશ્ન :– કૌન સી વિધિ સે સમ્યગ્દર્શન ઇસ ભવ મેં પ્રાપ્ત હો જાયે?

ઉત્તર :– આત્મા કી લગની લગના ચાહિયે, આત્મા કા સ્વભાવ પહચાનના ચાહિયે. શાસ્ત્ર કા અભ્યાસ કરે લેકિન ભીતર મેં આત્મા કે સ્વભાવ કો પહચાનના ચાહિયે. યહ શરીર ભી નહીં, આત્મા ભી નહીં, યે વિભાવ કા સ્વભાવ મેરા સ્વભાવ નહીં હૈ. મેરે આત્મા કા સ્વભાવ વિભાવ નહીં હૈ. વહ તો આકુલતારૂપ હૈ, દુઃખરૂપ હૈ. ઐસા ભેદજ્ઞાન કરે, ભીતર મેં શ્રદ્ધા કરે, ઐસે તત્ત્વ કા નિર્ણય યથાર્થ કરે. પુરુષાર્થ કરના ચાહિયે, લગની લગાના ચાહિયે. આત્મા કે બિના કહીં ચૈન પડે નહીં ઐસી અંતરમેં સે લગની લગની ચાહિયે.

પ્રશ્ન :– વિકલ્પ ઉઠને લગતે હૈં.

ઉત્તર :– વિકલ્પ હોવે તો ભી આત્મા કી લગની લગાના ચાહિયે. બાર બાર ઐસે વિચાર કરના ચાહિયે. તત્ત્વ કા નિર્ણય કરના ચાહિયે.

પ્રશ્ન :– માતાજી! પ્રશ્ન છે કે રૂઢિગત પૂજાની પરંપરાથી પૂજા કરે તો એ શું ધર્મમાં નિમિત્ત થાય? અને જો ન થાય તો કોઈ એવા વિશેષ પ્રકારની પૂજા તે ધર્મમાં નિમિત્ત થાય એવો કોઈ પ્રકાર ખરો?

ઉત્તર :– રૂઢિગત પૂજાથી તો ધર્મમાં નિમિત્ત એટલે સ્વભાવ ધર્મ એમાં નિમિત્ત એવી રીતે તો ન થાય. એ તો શુભભાવ માત્ર રૂઢિગત (થયો), આત્માનો હેતુ નથી. રૂઢિગતે આપણે ભગવાનની પૂજા કરીએ તો સારું થાશે એમ કરીને શુભભાવરૂપ કરે. એમ રૂઢિગતે તો એ શુભભાવરૂપ પુણ્યબંધ થાય. રૂઢિગત. બાકી આત્માનું ધ્યેય હોય એને કે કરવાનું અંતરમાં છે. તત્ત્વનો નિર્ણય કરવાનો છે, અંતર સ્વભાવ ઓળખવાનો છે. પણ એમાંને એમાં રહી ન શકે એકમાં એટલે ભગવાનની પૂજા કરે, મહિમા કરે, ભગવાનની ભક્તિ કરે એ બધું કરે. પણ ધ્યેય અંતરમાં હોય તો ભગવાનના દર્શન કરવાથી સારા વિચારો આવે. ભગવાનનું નિમિત્ત બને ઉપાદાન તૈયાર થવામાં. પણ આત્માનું ધ્યેય હોય તો.

પ્રશ્ન :– એમ કહેવું છે કે આત્માના ધ્યેયપૂર્વક જો પૂજા આદિ કરે તો એ સાચા ધર્મમાં નિમિત્ત થવાનો અવકાશ છે?

ઉત્તર :– નિમિત્ત થવાનો અવકાશ છે. તત્ત્વના નિર્ણયના વિચાર કરવાની સાથે હોય તો. વિચાર અંતર નિર્ણય કરે. ધ્યેય હોય તો.

પ્રશ્ન :– ભગવાનનું સ્વરૂપ, ભગવાન વીતરાગ છે, ભગવાન સર્વજ્ઞ છે એવી રીતે જાણીને ભગવાનની પૂજા કરે તો એમાં કંઈ ફેર પડે?

ઉત્તર :– હા, ભગવાનનું સ્વરૂપ વિચારીને ભગવાનની મહિમા એવી રીતે લાવીને પૂજા કરતો હોય તો એમાં ફેર છે. એમાં નિમિત્ત બને છે ભગવાન.

પ્રશ્ન :– રૂઢિગત પૂજામાં અને આમાં ફરક છે?

ઉત્તર :– ફરક છે. જિનપ્રતિમા જિનસારખી. ભગવાન અને ભગવાનની પ્રતિમામાં જે ભેદ દેખતો નથી અને એ 'અલ્પ ભવ સ્થિતિ જાકી સોહી જિનપ્રતિમા પ્રમાણે જિનસારખી'. જિન ભગવાનમાં, જિનપ્રતિમામાં કાંઈ ભેદ દેખતો નથી. એવો ઉલ્લાસભાવ એને અંતરમાંથી આવે છે. ઓહો..! ભગવાન વીતરાગ છે. હું ભગવાન અને પ્રતિમામાં કાંઈ ભેદ દેખતો નથી. એવી અંતરથી ભાવના-ભક્તિ આવે છે. ભવસ્થિતિ એની અલ્પ થઈ જાય છે. કારણ એને આત્માના ધ્યેયપૂર્વક, આત્માના ઉલ્લાસપૂર્વક એવી ભક્તિ આવે છે. ભક્તિ એવી રીતે નિમિત્ત બને છે. પણ એની સાથે તત્ત્વનો વિચાર અને એ બધું હોવું જોઈએ. વિચારપૂર્વક હોવું જોઈએ.

પ્રશ્ન :– ... જીવ દરિદ્ર રહે તો એમ બને તો આ જગતને વિષે તે અગિયારમું આશ્ચર્ય છે. તો 'શ્રીમદ્જી'ને આમાં શાના ઉપર ભાર આપવો છે અને કેવા પ્રકારના

ભાર આપવો છે?

ઉત્તર :- સત્પુરુષ જેવું કલ્પવૃક્ષ મળે અને શું જીવ?

પ્રશ્ન :- દરિદ્રી રહે.

ઉત્તર :- દરિદ્રી રહે.

પ્રશ્ન :- એમ બને તો આ જગતને વિષે અગિયારમું આશ્ચર્ય છે.

ઉત્તર :- સત્પુરુષ જેવું કલ્પવૃક્ષ મળે અને જો તું દરિદ્રી રહ્યો તો એક આશ્ચર્ય છે. આવું કલ્પવૃક્ષ મળ્યું અને તું તૈયાર ન થયો. 'શ્રીમદ્' કહે છે કે આવું કલ્પવૃક્ષ મળ્યું અને તું તૈયારી કર. એમ. નહિતર આશ્ચર્ય (છે). સત્પુરુષની મહિમા એવી છે કે એ નિમિત્ત એવું બળવાન છે કે જો તારી તૈયારી હોય તો તારું બધું દરિદ્ર તૂટી જાય અને તને આત્માની પ્રાપ્તિ થાય. તને મુક્તિનો માર્ગ મળ્યા વગર રહે જ નહિ. તને આત્મા એવો અદ્ભુત તને પ્રગટ થયા વગર રહે જ નહિ. એવું નિમિત્ત એવું બળવાન છે એવું કલ્પવૃક્ષ મળ્યું અને જો તું દરિદ્રી રહ્યો તો પછી એક આશ્ચર્યની વાત છે. એટલે એમ કહેવું છે કે તું દરિદ્રી રહે જ નહિ પણ તું તૈયારી એવી કર એમ કહે છે.

પ્રશ્ન :- તૈયારીની જવાબદારી તો પાછી પોતા ઉપર છે.

ઉત્તર :- તૈયારીની જવાબદારી પોતાની રહે છે. સત્પુરુષ કરી દેતા નથી.

પ્રશ્ન :- અમે બધા અગિયારમું આશ્ચર્ય છીએ.

ઉત્તર :- પોતાનો આત્મા અંદરથી કહે એમ. પોતાની હૂંફ પોતાને આવવી જોઈએ કે હું પુરુષાર્થ કરવાનો છું, મારો આત્મા તૈયાર થવાનો જ છે. એવી હૂંફ પોતાને આવે છે કે નહિ એ જોવાનું. નહિતર તો ભગવાન આગળ ગયો, ભગવાનના સમવસરણમાં ગયો, ભગવાનની દિવ્યધ્વનિ મળી એ તો મોટામાં મોટું પ્રબળ નિમિત્ત સર્વોત્કૃષ્ટ છે, તો ત્યાંથી પાછો આવ્યો એ એક આશ્ચર્ય છે. કારણ કે પોતાની તૈયારી વગર, ઉપાદાન તૈયાર હોય તો નિમિત્ત તો બળવાન છે. એમ સત્પુરુષ પણ એક બળવાન નિમિત્ત છે. આ કાળની અંદર સત્પુરુષ જેવું કલ્પવૃક્ષ તને મળ્યું અને જો તું દરિદ્રિ રહ્યો તો તું મૂરખ છો. તેં પુરુષાર્થ ન કર્યો એમ. તેં પ્રમાદમાં કાળ ગાળ્યો.

પ્રશ્ન :- એમાં કચાશ પોતાના ઉપાદાનની. કયા પ્રકારની એ તો પોતે જાણી શકે.

ઉત્તર :- એ તો પોતે જાણી શકે. પોતાને હૂંફ અંદરથી આવવી જોઈએ કે આવા મહાપુરુષ મળ્યા અને મારી તૈયારી થવાની જ છે. મને મુક્તિ પ્રાપ્ત થવાની જ છે એવી હૂંફ પોતાને (આવે). અત્યારે પુરુષાર્થ અમુક પ્રકારે ઉપડતો હોય તોપણ એને હૂંફ આવે. પોતાના આત્મા ઉપર આધાર રાખે છે. એની પોતાની પાત્રતા ઉપર.

***

(શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો..)

છે. કર્મનું ઉદયપણું ભોગવવું પડે તે પણ ખરું છે. આપ અતિશય ખેદ વખતોવખત પામી જાઓ છો, તે પણ જાણીએ છીએ. વિયોગનો તાપ અસહ્ય આપને રહે છે તે પણ જાણીએ છીએ. ઘણા પ્રકારે સત્સંગમાં રહેવા જોગ છો એમ માનીએ છીએ, તથાપિ હાલ તો એમ સહન કરવું યોગ્ય માન્યું છે.

ગમે તેવા દેશકાલને વિષે યથાયોગ્ય રહેવું, યથાયોગ્ય રહેવા ઇચ્છ્યા જ કરવું એ ઉપદેશ છે. મનની ચિંતા લખી જણાવો તોય અમને તમારા ઉપર ખેદ થાય તેમ નથી. જ્ઞાની અન્યથા કરે નહીં, તેમ કરવું તેને સૂઝે નહીં, ત્યાં બીજો ઉપાય ઇચ્છવો પણ નહીં એમ વિનંતી છે.

કોઈ એવા પ્રકારનો ઉદય છે કે, અપૂર્વ વીતરાગતા છતાં વેપાર સંબંધી કંઈક પ્રવર્તન કરી શકીએ છીએ, તેમ જ બીજાં પણ ખાવાપીવા વગેરેનાં પ્રવર્તન માંડ માંડ કરી શકીએ છીએ. મન ક્યાંય વિરામ પામતું નથી, ઘણું કરીને અત્ર કોઈનો સમાગમ ઇચ્છતું નથી. કંઈ લખી શકાતું નથી. વધારે પરમાર્થવાક્ય વદવા ઇચ્છા થતી નથી, કોઈએ પૂછેલા પ્રશ્નોનો ઉત્તર જાણતાં છતાં લખી શકતા નથી, ચિત્તનો પણ ઝાઝો સંગ નથી, આત્મા આત્મભાવે વર્તે છે.

સમયે સમયે અનંતગુણવિશિષ્ટ આત્મભાવ વધતો હોય એવી દશા રહે છે, જે ઘણું કરીને કળવા દેવામાં આવતી નથી. અથવા કળી શકે તેવાનો પ્રસંગ નથી.

આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન શ્રી વર્ધમાનને વિષે હતું એમ જણાય છે. પૂર્ણ વીતરાગ જેવો બોધ તે અમને સહેજે સાંભરી આવે છે, એટલે જ તમને અને ગોસલિયાને લખ્યું હતું કે તમે પદાર્થને સમજો. બીજો કોઈ તેમ લખવામાં હેતુ નહોતો.

***

પત્રાંક-૩૧૫

મુંબઈ, પોષ સુદ ૧૧, ૧૯૪૮

અમે કોઈ વાર કંઈ કાવ્ય, પદ, કે ચરણ લખી મોકલીએ તે આપે ક્યાંય વાંચ્યાં, સાંભળ્યાં હોય તો પણ અપૂર્વવત્ માનવાં.

અમે પોતે તો હાલ બનતા સુધી તેવું કંઈ કરવાનું ઇચ્છવા જેવી દશામાં નથી.

સ્વરૂપ સહજમાં છે. જ્ઞાનીનાં ચરણસેવન વિના અનંત કાળ સુધી પણ પ્રાપ્ત ન થાય એવું વિકટ પણ છે.

આત્મસંયમને સંભારીએ છીએ. યથારૂપ વીતરાગતાની પૂર્ણતા ઇચ્છીએ છીએ. એ જ

શ્રી બોધસ્વરૂપના યથાયોગ્ય.

***




**પત્રાંક-૩૦૭**

**આણંદ, માગશર સુદ ૨, ગુરુ, ૧૯૪૮**

**ૐ**

(એવું જે) પરમ સત્ય તેનું અમે ધ્યાન કરીએ છીએ.

ભગવતને સર્વ સમર્પણ કર્યા સિવાય આ કાળમાં જીવનું દેહાભિમાન મટવું સંભવતું નથી. માટે અમે સનાતન ધર્મરૂપ પરમ સત્ય તેનું નિરંતર ધ્યાન કરીએ છીએ. જે સત્યનું ધ્યાન કરે છે, તે સત્ય હોય છે.

***

**પત્રાંક-૩૦૮**

**મુંબઈ, માગશર સુદિ ૧૪, ભોમ, ૧૯૪૮**

**ૐ સત્**

શ્રી સહજ સમાધિ

અત્ર સમાધિ છે. સ્મૃતિ રહે છે, તથાપિ નિરુપાયતા વર્તે છે. અસંગવૃત્તિ હોવાથી અણુમાત્ર ઉપાધિ સહન થઈ શકે તેવી દશા નથી, તોય સહન કરીએ છીએ. સત્સંગી 'પર્વત'ને નામે જેમનું નામ છે તેમને યથાયોગ્ય.

બન્ને જણા વિચાર કરી વસ્તુને ફરી ફરીને સમજો; મનથી કરેલો નિશ્ચય સાક્ષાત્ નિશ્ચય માનશો નહીં. જ્ઞાનીથી થયેલો નિશ્ચય જાણીને પ્રવર્તવામાં કલ્યાણ છે. પછી જેમ ભાવિ.

સુધાને વિષે અમને સંદેહ નથી, તમે તેનું સ્વરૂપ સમજો, અને ત્યારે જ ફળ છે.

પ્રણામ પહોંચે.

***

**પત્રાંક-૩૦૯**

**મુંબઈ, માગશર વદ ૦)), ગુરુ, ૧૯૪૮**

'અનુક્રમે સંયમ સ્પર્શતો જી, પામ્યો ક્ષાયકભાવ રે;
સંયમ શ્રેણી ફૂલડે જી, પૂજું પદ નિષ્પાવ રે.'

(આત્માની અભેદચિંતનારૂપ) સંયમના એક પછી એક ક્રમને અનુભવીને ક્ષાયકભાવ (જડ પરિણતિનો ત્યાગ)ને પામેલો એવો જે સિદ્ધાર્થનો પુત્ર તેના નિર્મળ ચરણકમળને સંયમશ્રેણિરૂપ ફૂલથી પૂજું છું.

ઉપરનાં વચનો અતિશય ગંભીર છે.

લિ. યથાર્થ બોધસ્વરૂપના યથાર્થ

***

**પત્રાંક-૩૧૩**

**મુંબઈ, પોષ સુદ ૭, ગુરુ, ૧૯૪૮**

જ્ઞાનીના આત્માને અવલોકીએ છીએ અને તેમ થઈએ છીએ.

આપની સ્થિતિ લક્ષમાં છે. આપની ઇચ્છા પણ લક્ષમાં છે; ગુરુ-અનુગ્રહવાળી વાર્તા લખી તે પણ ખરી